PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૮/કવા–૦૩/૧૮–૧૯/ 1111-3 તા. 31-12-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
બહાદુરભાઈ છેલભાઈ ખાચર,
વૃંદાવન સોસાયટી,
ગામ– જસદણ
મો: ૯૮૨૪૮ ૧૨૮૦૩

વિષય :–નવા ખેતીવાડી જોડાણ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૫–૧૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૮/કવા–૦૩/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, આટકોટ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૪૮/કવા–૦૩/૧૮–૧૯ કમિટી મીટીગ: તા. ૧૮–૧૨–૧૮ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: બહાદુરભાઈ છેલભાઈ ખાચર, ગામ: જસદણ**

**રજુઆત કરનાર:અરજદાર બહાદુરભાઈ છેલભાઈ ખાચર હાજર રહેલ છે.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, આટકોટ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)**

**રજુઆત કરનાર :પી.જે. મહેતા – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી જસદણ**

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેતીવાડી જોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર બહાદુરભાઈ છેલભાઈ ખાચર, ગામ:જસદણ તેઓની અરજી ના નોંધણી નંબર :૪૮/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓના ભાડલા ગામે સર્વે નંબર: ૩૩૪ / ૫ મા નવુ ખેતીવાડી વીજજોડાણ મંજુર કરાયેલ છે, પરંતુ, તેઓ દ્વારા સમયમર્યાદા મા જરૂરી દસ્તાવેજીક પેપર્સ રજુ કરવા માટે ની તારીખ ચુકી જતા – તેઓની સદર અરજી રદબાતલ કરાયેલ છે, તેઓ જસદણ ખાતે તાલુકા પંચાયત ની કચેરીમા સીનીયર આસી. તરીકે ફરજ બજાવે છે – તેમજ ઈમરજન્સી સરકારી કામગીરી ના કારણોસર – સદર વીજજોડાણ માટે ની નોટીસ ની સમયમર્યાદા મા જરૂરી દસ્તાવેજીક પેપર્સ રજુ થઈ શકેલ નથી. જેથી, માનવીય યોગ્ય ન્યાય આપવા માટે– અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમં કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી બહાદુરભાઈ છેલાભાઈ ખાચર, રહેવાસી વૃંદાવન સોસાયટી, ગામ જસદણ, સદર અરજદાર શ્રી એ SPA સ્કીમ અંતર્ગત મંજુર થયેલ ખેતીવાડી વીજ કનેક્શન ન મળવા બાબતે CGRF માં તારીખ ૦૫/૧૧/૨૦૧૮ ના રોજ રજૂઆત કરેલ છે. અરજદાર શ્રી બહાદુરભાઈ છેલાભાઈ ખાચરે તારીખ ૨૨/૧૧/૨૦૧૨ ના રોજ AG SPA યોજના અંતર્ગત રે.સર્વે નંબર ૩૩૪ પૈકી ૨, ગામ ભાડલા, તા-જસદણ, જી-રાજકોટ, ખાતે ખેતીવાડી નવું વીજ જોડાણ લેવા માટે પેટા વિભાગીય કચેરી આટકોટ માં અરજી કરેલ હતી.<br><br>સદર અરજદાર નો વીજ જોડાણ માટે ક્રમાનુસાર વારો આવતા જરૂરી દસ્તાવેજો રજુ કરવા માટે અરજદાર ને આટકોટ પેટા વિભાગીય કચેરી દ્વારા નીચે મુજબ નોટીશો રજી. એડી થી આપવા માં આવેલ છે.<br>(૧) એ.એસ.ડી./ટેક/૫૪૧૩, તારીખ ૨૩/૦૫/૨૦૧૭.<br>(૨) એ.એસ.ડી./ટેક/૯૪૨૦, તારીખ ૦૪/૦૭/૨૦૧૭. |

| | |
|---|---|
| | (૩) એ.એસ.ડી./ટેક/૧૦૦૯૮, તારીખ ૨૨/૦૭/૨૦૧૭.<br>ઉપરોક્ત ત્રણે નોટીશો અરજદાર ને બજી ગયેલ છે જે અરજદાર દ્વારા સ્વીકારવામાં આવેલ છે જેની એકનોલેજમેન્ટ સ્લીપ આ સાથે સામેલ છે. આમ અરજદાર ને જરૂરી દસ્તાવેજો રજુ કરવા પુરતો સમય આપેલ છે, તેમ છતાં પણ અરજદાર દ્વારા કોઈ પણ દસ્તાવેજો રજુ કરાયેલ નથી. આમ ત્રણ ત્રણ વાર નોટીશ આપી અરજદારને જાણ કરવા છતાં અરજદાર દ્વારા જરૂરી દસ્તાવેજો રજુ કરવા દરકાર ન લેતા કંપનીના નિયમો અનુસાર અરજદાર ની ખેતીવાડી વીજ જોડાણ ની અરજી રદ કરવા માટે આટકોટ પેટા વિભાગીય કચેરી દ્વારા સંદર્ભ પત્ર એ.એસ.ડી./ટેક/૯૧૭, તારીખ ૩૦/૦૧/૨૦૧૮ થી જસદણ વિભાગીય કચેરીને મોકલવામાં આવેલ હતી.<br><br>કંપનીના નિયમો અનુસાર એજી કેન્સલેશન ની અપ્રુવલ જસદણ વિભાગીય કચેરી દ્વારા પત્ર જેડીઓ/ટેક-૨/ એજી કેન્સલેશન/૧૬૯૭ , તારીખ ૦૮/૦૬/૨૦૧૮ થી આપવામાં આવેલ છે. તેમજ અરજદારનુ વીજ જોડાણ ની અરજી રદ કરેલ છે તેની જાણ અરજદારને રજી. એડી થી કરવામાં આવેલ છે.<br>આમ, અરજદારે ખેતીવાડી વીજ જોડાણ લેવા માટે જરૂરી દસ્તાવેજો રજુ ન કરતા પરિપત્ર આર.ઝેડ/ટેક-૨/૮૮૨, તારીખ ૨૦/૦૫/૧૯૯૧ ના નિયમો અનુસાર અરજદારની અરજી રદ કરવા માં આવેલ છે. તેથી અરજદાર ને વીજ જોડાણ લેવા માટે ની અરજી ગ્રાહ્ય રાખી શકાય નહિ. |

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, **અરજદાર શ્રી બહાદુરભાઈ છેલાભાઈ ખાચર, રહેવાસી વૃંદાવન સોસાયટી, ગામ જસદણ,** તેઓના ભાડલા ગામે સર્વે નંબરઃ ૩૩૪ / ૫ મા નવુ ખેતીવાડી વીજજોડાણ અરજી ના અનુસંધાન **વીજ જોડાણ માટે ક્રમાનુસાર વારો આવતા જરૂરી દસ્તાવેજો રજુ કરવા માટે અરજદાર ને આટકોટ પેટા વિભાગીય કચેરી દ્વારા (૧)તારીખ ૨૩/૦૫/૨૦૧૭ (૨)તારીખ ૦૪/૦૭/૨૦૧૭ (૩)તારીખ ૨૨/૦૭/૨૦૧૭ નોટીશો રજી. એડી થી આપવા માં આવેલ છે. ત્રણે નોટીશો અરજદાર ને એકનોલેજમેન્ટ સ્લીપ મુજબ અરજદાર દ્વારા સ્વીકારવામાં આવેલ છે. આમ, અરજદારે ખેતીવાડી વીજ જોડાણ લેવા માટે જરૂરી દસ્તાવેજો રજુ ન કરતા જસદણ વિભાગીય કચેરી દ્વારા પત્ર તારીખ ૦૮/૦૬/૨૦૧૮ અરજી રદ કરવા માટે મંજુરી અન્વયે સામાવાળા દ્વારા અરજદારના વીજ જોડાણ ની અરજી રદ કરેલ છે તેની જાણ અરજદારને રજી. એડી થી કરવામાં આવેલ છે.** |
| <u>૩.૨</u> | ફોરમ કમિટી મીટીંગ તા. ૧૮.૧૨.૧૮ માં અરજદારની મૌખિક તેમજ મુદ્દા નં ૧.૧. અન્વયે તેઓ તાલુકા વિકાસ અધિકારી, જસદણ ના પ્રમાણપત્ર તા. ૦૧.૧૧.૨૦૧૮ મુજબ જસદણ ખાતે તાલુકા પંચાયત ની કચેરીમા સીનીયર આસી. તરીકે ફરજ બજાવે છે – તેમજ ઈમરજન્સી સરકારી કામગીરી, ચુંટણીલક્ષી કામો, નાણા ચૂકવવાના, સરકારી જાહેર કાર્યક્રમોનું આયોજન અંગે વિવિધ કામગીરીના કારણોસર – સદર વીજજોડાણ માટે ની નોટીસ ની |

| | |
|---|---|
| | સમયમર્યાદા મા જરૂરી દસ્તાવેજીક પેપર્સ રજુ થઈ શકેલ નથી. |
| **3.3** | સદર કેઈસમાં અરજદાર દ્વારા તા.૨૨/૧૧/૨૦૧૨ ના રોજ AG SPA યોજના અંતર્ગત રે.સર્વે નંબર ૩૩૪ પૈકી ૨. ગામ ભાડલા, તા-જસદણ, જી-રાજકોટ. ખાતે ખેતીવાડી નવું વીજ જોડાણ લેવા માટે તેઓનો વારો આશરે પાંચ વર્ષ પછી વારો આવતો હોઈ ઉપરોક્ત મુદ્દા ૩.૨ મુજબની બાબતો ધ્યાનમાં લેતા અરજદારને વધુ એક તક આપવી જોઈએ, જે અન્વયે અરજદારને દિવસ ૧૦ માં નવું વીજ જોડાણ લેવા માટે જરૂરી ખૂટતા આધાર પુરાવા રજુ કરવા અન્યથા સદર અરજી દફતરે કરવામાં આવશે તે અંગેની લેખિતમાં રજી. એડી થી જાણ કરવા સામાવાળાને આદેશ આપવા બાબતે સદર કેઈસમાં ફોરમ કમિટી દ્વારા નિષ્કર્ષ કરાયેલ છે. |

<u>મુદ્દા નં.-૪ :</u> **<u>હુકમ</u>**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૩ મુજબ ની વિગતેની કાર્યવાહી કરવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>**નોંધ**</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે; નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**